# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GOVT SOP FOR SCHOOLS

રાજ્યની સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પ્રવાસ લઈ જતા પહેલા શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી પડશે. શાળામાં સાંસ્કૃતિક, ધાર્મિક, ઐતિહાસિક, વિકસિત સ્થળોએ પ્રવાસનું આયોજન કરવા શિક્ષણ વિભાગે માર્ગદર્શક સૂચનો જાહેર કર્યા છે. આ અંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ માહિતી આપી હતી.

(બાઈટ - પ્રફૂલ પાનશેરિયા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી)

-------------------------------------------------------------------

- *(પીટીસી – ગાંધીનગર – પ્રવેશ)*

-(NAVIN)

# INDIA NEW ZEALAND

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ મહિલા ક્રિકેટની વન-ડે શ્રેણીનો પ્રારંભ થયો છે. હાલમાં મળતાં અહેવાલ અનુસાર, ભારતે ટૉસ જીતી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. ભારતીય ટીમે 11 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 72 રન બનાવ્યા છે. ભારતનાં સ્મૃતિ મંધાના માત્ર 5 રન બનાવીને આઉટ થઈ ગયાં હતાં.

---------------------------------------------------------------------

- (ડેસ્ક – પ્રવેશ)

-(NAVIN)

# POLICE DIWALI

અમદાવાદ પોલીસ કમિશનર જી. એસ. મલિકે દિવાળીમાં ફરવા જતાં પરિવારને વેકેશન પ્લાન અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અપીલ કરી છે. પોલીસ કમિશનરે સોશિયલ મીડિયામાં પ્રવાસની તસ્વીરો અપલોડ કરવાનું ટાળવું જોઈએ. તેવી સલાહ પણ શહેરીજનોને આપી છે. શ્રી મલિકે જણાવ્યું કે, સ્પેશિયલ બ્રાન્ચના વોચ ગ્રુપના લગભગ ૧૦ સભ્યો સિવિલ યુનિફોર્મમાં અને ખાનગી વાહનોમાં શહેરના રસ્તાઓ પર પેટ્રોલિંગ કરશે.

---------------------------------------------------------------------

- dd / યશવી -(NAVIN)

# SOMNATH LIGHTING SHOW

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં યાત્રિકો માટે આવતીકાલથી થ્રિ-ડી લાઇટ એન્ડ સાઉન્ડ શૉનો પ્રારંભ થશે. ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, શ્રી સોમનાથ તીર્થના ગૌરવને ઉજાગર કરતો આ શૉ દરરોજ સાયં આરતી બાદ સાંજે પોણા આઠ વાગ્યે શૉ શરૂ થશે. જ્યારે શનિવાર અને રવિવાર તહેવારના દિવસો હોવાથી બે શૉ યોજવામાં આવશે.

શ્રી સોમનાથ તીર્થના ઇતિહાસથી માહિતગાર થાય, કઈ રીતે ચંદ્રદેવના તપથી ભગવાન સોમનાથ આ ભૂમિ પર પધાર્યા, કઈ રીતે ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની અંતિમ લીલા દર્શાવી નિજધામ ગમન કર્યું. કઈ રીતે આ તીર્થ પ્રભાસ કહેવાયું. શું છે ધાર્મિક કથા? જેવી તમામ બાબતોને થ્રિડી ટેક્નોલોજીની મદદથી ભક્તોને માહિતગાર કરાશે.

-----------------------------------------------------------------------

- *(પીટીસી- ગીરસોમનાથ – પ્રવેશ)*

-(NAVIN)

# RAJASTHAN ACCIDENT

રાજસ્થાનના બ્યાવર-પિંડવાળા રાજમાર્ગ પર આજે વહેલી સવારે થયેલા એક અકસ્માતમાં દાહોદ જિલ્લાના એક બાળક સહિત પાંચ લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે એક મહિલા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયાં છે. કારમાં સવાર તમામ સભ્યો એક જ પરિવારના હતા, તેઓ પિંડવાડાથી જોધપુર તરફ જઈ રહ્યા હતા. સ્થાનિક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ટાયર ફાટવાના કારણે આ અકસ્માત સર્જાયો હતો.

---

- હિન્દુસ્તાન સમાચાર – સુનિતા

-(NAVIN)

# AMBULANCE SEVA

મહેસાણા જિલ્લાના અંતરિયાળ ગામના લોકોને આરોગયસેવાનો લાભ મળે તે હેતુથી વધુ 4 ગામને એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. 15મા નાણાં પંચ સહીતના અન્ય અનુદાનમાંથી ફાળવવામાં આવેલી એમ્બ્યુલન્સ સેવાનો લાભ નદાસણ, જેતલવાસ, કાસા અને ભાનડુ સહિતના ગામના લોકોને મળશે. છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં 87 જેટલી એમ્બ્યુલન્સ હાલમાં લોકોની સેવા કરી રહી છે.

---

- ptc મહેસાણા / યશવી -(NAVIN)

# MORBI NAKLI OIL

રાજ્યની સ્ટેટ મોનિટરીંગ સેલ – SMCની ટુકડીએ મોરબીમાંથી એન્જિન ઓઈલનું નકલી પેકિંગ કરીને વેચતાં 2 લોકોને પકડી પાડ્યા છે.

મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, SMCની ટુકડીએ ટંકારાના લજાઈ ગામની સીમમાં આવેલા ગોદામમાં દરોડા પાડ્યા હતા, જ્યાંથી પ્રિન્ટ મશીન, 3 મોટર બોલ્ટ મશીન, ઇલેક્ટ્રિક વજનકાંટા, ઓઈલ ફિલિંગ મશીન સહિતનો અંદાજે 23 લાખ 17 હજાર 40 રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે. આ અંગે SMCએ આગળની તપાસ હાથ ધરી છે.

---

- *(PTC – MORBI – PRAVESH)*

-(NAVIN)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે. શ્રોતાઓ ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર કાર્યક્રમ માટેના પોતાના મંતવ્ય મોકલી શકે છે.

ઉપરાંત MyGov અને નમો એપ પર પણ મંતવ્ય મોકલી શકાશે. કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. "મન કી બાત" કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

---

- પૂલ –રિપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................